# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૫/૬/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરના માધ્યમથી વેબિનાર થકી નિર્યાતકારો અને આયાતકારોને 'ધી ન્યુ ડીજીએફટી આઇટી પોર્ટલ' વિશે ડીજીએફટીના અધિકારીઓ દ્વારા મહત્વની જાણકારી અપાઇ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૨૫ જૂન ૨૦૨૧ના રોજ 'ધી ન્યુ ડીજીએફટી આઇટી પોર્ટલ' વિશે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવી દિલ્હીના ડેપ્યુટી ડીજીએફટી મોઇન અફેક અને દીપક ઝાલાનીએ નિર્યાતકારો અને આયાતકારોને નવા ડીજીએફટી આઇટી પોર્ટલ વિશે મહત્વની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં રિજીયોનલ ઓથોરિટી સુરતના ડેવલપમેન્ટ કમિશનર એન્ડ એડીશનલ ડીજીએફટી વિરેન્દ્ર સિંઘ પણ જોડાયા હતા.

ડેવલપમેન્ટ કમિશનર એન્ડ એડીશનલ ડીજીએફટી વિરેન્દ્ર સિંઘે જણાવ્યું હતું કે, મે ૨૦૨૧માં ભારતનું એકસપોર્ટ ૬૯.૩૫ ટકા વધી ગયું છે અને ચાલુ મહિનામાં એકસપોર્ટ ૩૨.૨૭ બિલિયન ડોલરનું રહયું છે. ટ્રેડ ડેફિશિયટ પણ વધીને ૬.૨૮ બિલિયન ડોલરનો થઇ ગયો છે. એકસપોર્ટની વાત કરીએ તો એન્જીનિયરીંગ, પેટ્રોલિયમ અને જેમ એન્ડ જ્વેલરીનું એકસપોર્ટ ઘણું વધી ગયું છે. બધા લાયસન્સ ઓનલાઇન ઇશ્યુ કરવામાં આવી રહયા છે. તેમણે કહયું કે, ઇ–ગવર્નન્સનો મુખ્ય હેતુ ભારતમાંથી એકસપોર્ટને વધારવાનો અને ટ્રેડ માટે સુવિધા ઉપલબ્ધ કરવાનો છે. નિર્યાત બંધુ સ્કીમ અંતર્ગત દરરોજ એક કલાક માટે નિર્યાતકારોની સમસ્યાઓને સાંભળવામાં આવે છે અને તેનું નિરાકરણ લાવવામાં આવે છે.

ડેપ્યુટી ડીજીએફટી દીપક ઝાલાનીએ ફોરેન ટ્રેડ પોલિસી અંતર્ગત ઇ–ગવર્નન્સ એન્ડ ડિજીટલ ટ્રાન્સફોર્મેશન તેમજ રિજિયોનલ ઓથોરિટી ઓફ સુરત – એકપોર્ટર આઉટરીચ પ્રોગ્રામ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ડીજીએફટી દ્વારા આયાતકારો તેમજ નિર્યાતકારોને પૂરી પાડવામાં આવતી પેપરલેસ ઇ– ગવર્નન્સ એન્ડ ટ્રેડ સુવિધા વિશે માહિતી આપી ઇ–સર્ટિફિકેટ ઓફ ઓરિજીન પ્લેટફોર્મ વિશે પણ વિસ્તૃત સમજણ આપી હતી. તેઓને પ્રિફરેન્શિયલ અને નોન પ્રિફરેન્શિયલ એજન્સીઓ તેમજ જુદી–જુદી સ્કીમ વિશે માહિતી આપી હતી.

ડેપ્યુટી ડીજીએફટી મોઇન અફેકે જણાવ્યું હતું કે ડીજીએફટી, હેલ્પ ડેસ્ક દ્વારા પણ આયાતકારો અને નિર્યાતકારોને મદદરૂપ થાય છે. હેલ્પ ડેસ્ક ઉપર રોજની એક હજાર જેટલી કવેરી આવતી હોય છે અને તેનું નિરાકરણ લાવવા માટે પ્રયાસ થાય છે. તેમણે નિર્યાતકારો અને આયાતકારોને આઇ.ઇ.સી. અપડેશન માટે અનુરોધ કરી નવી આઇટી સિસ્ટમ વિશે માર્ગદર્શન આપ્યું હતું. જેમાં તેમણે ડેટા બેઇઝ એપ્રોચ અને ઓડિટ બેઇઝ એપ્રોચ વિશે પણ વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે આયાતકારો અને નિર્યાતકારોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે ગૃપ ચેરમેન દીપકકુમાર શેઠવાલાએ વેબિનારનું સંચાલન કર્યું હતું અને અંતે તેમણે સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન પણ કર્યું હતું.